NAVSARI AGRICULTURAL UNIVERSITY

# કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# નવસારી-૩૯૬૪૫૦

## :: ટેકનીકલ બીડ ::
## (અલગ સીલબંધ કવર બનાવી મોટા કવરમાં નાંખવું)

**કામનું નામ : મુખ્ય કેમ્પસ ખાતે આવેલ કેમ્પસ ડાયરેકટર/જુનો વી.સી. બંગલાને તોડી નાંખવા બાબત.**
**ટેન્ડર ફી : ૨૫૦૦/-(અંકે રૂપિયા : બે હજાર પાંચસો પુરા.) (નોન રીફંડેબલ)**
**ઇ.એમ.ડી. : ૨૫૦૦૦/-(અંકે રૂપિયા : પચ્ચીસ હજાર પુરા.) (રીફંડેબલ)**
**ટેન્ડર ભરવાની તથા સ્વીકારવાની તારીખ : ૨૦/૧૨/૨૦૨૫ થી ૦૩/૦૧/૨૦૨૬ સાંજે ૬.૧૦ કલાક સુધી**

| ક્રમ નં. | મિલ્કતનું વર્ણન | વિસ્તાર |
|---|---|---|
| ૧ | **મુખ્ય કેમ્પસ ખાતે આવેલ કેમ્પસ ડાયરેકટર/જુનો વી.સી. બંગલો** | ૧૯૫ સ્કે. મી.<br>(ગ્રાઉન્ડ ફ્લોર + ૧ માળ) |

| | | | |
|---|---|---|---|
| ૧ | અનામત ની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. (ઇએમડી) તથા તારીખ | : | **રકમ રૂા.**<br><br>**ડી.ડી. નંબર / તારીખ**<br>**બેંકનું નામ** |
| ૨ | ટેન્ડર ફીની રકમનો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. તથા તારીખ | : | **રકમ રૂા.**<br><br>**ડી.ડી. નંબર / તારીખ**<br>**બેંકનું નામ** |
| ૩ | ભાવો ભરનાર એજન્સીનું નામ | : | |
| ૪ | ભાવો ભરનાર એજન્સીનું પુરુ સરનામુ **આધાર સામેલ રાખવો.** | : | |
| ૫ | ભાવો ભરનાર એજન્સીનો પાન કાર્ડ નંબર (નકલ સામેલ રાખવી) **(ફરજીયાત)** | : | |
| ૬ | ભાવો ભરનાર એજન્સીનો જી.એસ.ટી. નંબર (નકલ સામેલ રાખવી) **(ફરજીયાત)** | : | |
| ૭ | ભાવો ભરનાર ઇસમનો આધાર કાર્ડ નંબર (નકલ સામેલ રાખવી) **(ફરજીયાત)** | : | |
| ૮ | મોબાઇલ નંબર | : | ૧.      ૨. |
| ૯ | ઇમેઇલ આઇ.ડી. | : | ૧.      ૨. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**ટેન્ડરની બોલી અને શરતો :**

| | |
|---|---|
| ૧ | **આ ટેન્ડર ફોર્મ કુલ-૦૨ ભાગમાં અલગ-અલગ કવરો બનાવી એક જ કવરમાં જમાં કરાવવાનું રહેશે જેમાં પ્રથમ કવર ટેકનીકલ બીડ જેમાં નીચે મુજબના મેન્ડેટરી ડોકયુમેંટ અને બીજા કવરમાં પ્રાઇઝ બીડ ભરવાનું રહેશે. (આ બન્ને કવરો એક મોટા કવરની અંદર નાંખી તેની ઉપર કામનું નામ તથા એજન્સીનું નામ દર્શાવવાનું રહેશે)** |
| ૨ | **ટેન્ડર ભરનાર એજન્સીઓએ નીચે મુજબના દસ્તાવેજો ફરજીયાત રજુ કરવાના રહેશે, સદર દસ્તાવેજો રજુ કરેલ હશે તેમના ભાવો જ ગ્રાહય રાખવામાં આવશે.**<br>(૧) પાનકાર્ડ<br>(૨) જી.એસ.ટી. રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર<br>(૩) આધારકાર્ડ<br>(૪) ટેન્ડર ફી નો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઇન ટ્રાન્જેકશન કર્યાનો આધાર<br>(૫) ઇ.એમ.ડી.નો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઇન ટ્રાન્જેકશન કર્યાનો આધાર |
| 3 | ટેન્ડર ભરનાર ઇસમ ભારતીય નાગરીકતા ધરાવતા હોવા જોઇએ. |
| ૪ | **ટેન્ડર ફી રૂ.૨૫૦૦/- (નોન રીફંડેબલ)** નો **ડીમાન્ડ ડ્રાફ્ટ** ***“ D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari”_“Payable at Navsari”*** ના નામનો રજુ કરવાનો રહેશે અથવા ઓનલાઇન સ્વરૂપે નીચેની વિગતના એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે ટેન્ડર ફી વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.<br>**Bank Details for RTGS/DBT :**<br>**Account Name :** *D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari*<br>***Account Number :*** *38873914362* ***Bank Name :*** *State Bank of India, (NAU Campus Branch)*<br>***Branch Name :*** *SBI, NAU* ***Branch Code :*** *003889* **IFSC Code No. :** SBIN0003889<br>ટેન્ડર ફી, ઇ.એમ.ડી. **RTGS/DBT થી ટ્રાન્સફર કરવામાં આવે તો એ અંગેની જાણ અત્રેની કચેરીના ઇમેઇલ આઇ.ડી.** eeb3@nau.in **ઉપર ફરજીયાત કરવાની રહેશે અને તેની પ્રિન્ટ ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાની રહેશે.** |
| ૫ | **ઇ.એમ.ડી.**(બાનાની રકમ) **રૂ.૨૫,૦૦૦/-(રીફંડેબલ)** નો **ડીમાન્ડ ડ્રાફ્ટ** ***“ D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari”_“Payable at Navsari”*** ના નામનો રજુ કરવાનો રહેશે અથવા ઓનલાઇન સ્વરૂપે નીચેની વિગતના એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે ઇ.એમ.ડી. વગરનું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહી.<br>**Bank Details for RTGS/DBT :**<br>**Account Name :** *D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari*<br>***Account Number :*** *38873914362* ***Bank Name :*** *State Bank of India, (NAU Campus Branch)*<br>***Branch Name :*** *SBI, NAU* ***Branch Code :*** *003889* **IFSC Code No. :** SBIN0003889<br>ટેન્ડર ફી, ઇ.એમ.ડી.**RTGS/DBT થી ટ્રાન્સફર કરવામાં આવે તો એ અંગેની જાણ અત્રેની કચેરીના ઇમેઇલ આઇ.ડી.** eeb3@nau.in **ઉપર ફરજીયાત કરવાની રહેશે અને તેની પ્રિન્ટ ટેન્ડર ફોર્મ સાથે સામેલ રાખવાની રહેશે.** |
| ૬ | ટેન્ડર યુનિવર્સિટી વેબસાઇટ **www.nau.in** ઉપરથી ડાઉનલોડ કરી, તેમાં ભાવો ભરી, સહી, સિક્કા સાથે, ટેન્ડર ફી અને ઇ.એમ.ડી.નો ડીમાન્ડ ડ્રાફ્ટ તેમજ માહિતી પત્રકની સંપૂર્ણ વિગત ભરી સહી, સિક્કા સાથે જરૂરી આધાર પુરાવા સહીતનું સીલબંધ કવર મોડામાં મોડુ **તા.૦૩/૦૧/૨૦૨૬** સુધીમાં ‘ **કાર્યપાલક ઇજનેરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬૪૫૦ (ગુજરાત)ના સરનામે** રૂબરૂ, પોસ્ટ, કુરીઅર મારફત સમય મર્યાદામાં પહોંચતું કરવાનું રહેશે, સમય મર્યાદા બાદ આવેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી. |
| ૭ | **દરેક ઠેકેદારે ભાવો ભરતા પહેલા ઉપરોકત બિલ્ડીંગની (સાઇટ વિઝીટ) મુલાકાત જાહેર રજાના દિવસો સિવાય સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૧૦ દરમ્યાન કરીને ભાવો ભરવા જણાવવામાં આવે છે.** |
| ૮ | **માત્ર ડીસમેન્ટલ મટીરીયલ્સ ઉપર જ ઠેકેદારનો હક્ક રહેશે પરંતુ અત્રેની યુનિવર્સિટીના કોઇપણ વિભાગને ડીસમેન્ટલ મટીરીયલ્સ પૈકી છારૂની જરૂરીયાત હોય તો તેમની માંગણી અનુસાર પ્રતિ બ્રાસ રૂ.૫૦૦/- ના દરે ઉધારબીલથી યુનિવર્સિટીના વાહનમાં ભરી આપવાનું રહેશે. (આ છારૂ પેટે સબંધિત વિભાગ તરફથી ચુકવવાની થતી રકમ દિન-૨૦માં ચેકથી ચુકવવામાં આવશે, રોકડ પેમેન્ટ મળશે નહી.)** |
| ૯ | આવેલ કોઇપણ ટેન્ડરોને સ્વીકારવુ અથવા આવેલ તમામ ટેન્ડરોને કોઇપણ કારણો દર્શાવ્યા સિવાય રદ કરવાના તથા ઇજારો મંજુર રાખવો કે નહી તેની સત્તા યુનિવર્સિટી દ્વારા નિયુકત થયેલ કમિટીને રહેશે. |
| ૧૦ | **સદર ટેન્ડરમાં સૌથી વધુ ઓફર કરનાર એજન્સીના ભાવો મંજુર કરવામાં આવશે, મંજુર થયેલ ટેન્ડરની રકમ મુજબ સરકારશ્રીમાં અલગથી જી.એસ.ટી. જમાં કરાવવાની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારની રહેશે.** |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | |
|---|---|
| ૧૧ | **અત્રેથી ફક્ત સૌથી વધુ ઓફર કરનાર પ્રથમ એજન્સીના નામ અને ઓફરની રકમની જાહેરાત કરવામાં આવશે બીજા અને ત્રીજા ક્રમાંકની એજન્સીના નામ તથા ઓફરની રકમ જાહેર કરવામાં આવશે નહી.** |
| ૧૨ | ભાવો મંજુર થયેલ પાર્ટીએ ઓફરની કુલ રકમની **૫% રકમ સિક્યોરીટી ડીપોઝીટ** પેટે ભાવો મંજુર થયાના બીજા દિવસે અલગથી ***"D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari" "Payable at Navsari"*** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટથી કાર્યપાલક ઇજનેરની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીમાં જમાં કરાવવાની રહેશે, સદર રકમ કામગીરી પૂર્ણ થયે અત્રેની કચેરીએથી સ્થળ મુલાકાત કરી સાઇટ કલીયરન્સ અંગેનું પ્રમાણપત્ર ઇસ્યુ કર્યા બાદ યુનિવર્સિટી નિતીનિયમોનુસાર રીફંડ કરવામાં આવશે. |
| ૧૩ | **જે પાર્ટીના ભાવો મંજુર થાય તેને ઓફરની પુરેપુરી રકમ** ભાવો મંજુર થયાના ૪૮ કલાકમાં (દિન-૨ માં) **માં *"D.D.O. Office of the Executive Engineer, NAU, Navsari" "Payable at Navsari"*** ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઇન પેમેન્ટથી કાર્યપાલક ઇજનેરની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની કચેરીમાં બિનચુક જમાં કરાવવાની રહેશે અન્યથા તેમની બાનાની રકમ જપ્ત કરી ઘટતી કાર્યવાહી હાથ ઘરવામાં આવશે. **(નોંધ : કોઇપણ સંજોગોમાં હપ્તેથી ઓફરની રકમ સ્વીકારવામાં આવશે નહી.)** |
| ૧૪ | જે એજન્સીના ભાવો મંજુર થાય તેને ઓફરની રકમ ઉપરાંત **૧ %** રકમ **Tax Collection at Source** (TCS ) પેટે અલગથી અત્રેની કચેરીમાં જમાં કરાવવાની રહેશે, **(ભરેલ ભાવોની ૧% રકમ)** |
| ૧૫ | આવેલ ભાવોમાં સૌથી ઉંચા ભાવો મકાનની બુકવેલ્યુની રકમ કરતા ઓછા હશે તો તે જ દિવસે કમિટીની રૂબરૂમાં ટેન્ડરમાં ભાગ લેનાર **માન્ય (મંજુર)** એજન્સીઓ વચ્ચે જાહેર હરાજીથી હરાજીની કાર્યવાહી હાથ ઘરવામાં આવશે જેમાં સૌથી વધુ(ઉંચી) ભાવ બોલનાર એજન્સીના ભાવો મંજુર કરવા ઘટતું કરવામાં આવશે. |
| ૧૬ | ઠેકેદારે ઇજારાની કુલ રકમ જમાં કરાવ્યા બાદ જ અત્રેથી વર્કઓર્ડર ઇસ્યુ કર્યા બાદ કામગીરી શરૂ કરવાની રહેશે. |
| ૧૭ | ડીસમેન્ટલની કામગીરી કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરીની સુચના અનુસાર ડીસમેન્ટલીંગના હુકમ થયા બાદ તુરંત ચાલુ કરી વધુમાં વધુ **૪૫ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. (સાઇટ સંપૂર્ણ કલીયર કરવાની રહેશે.)** |
| ૧૮ | **ડીસમેન્ટલની કામગીરી દરમ્યાન સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર સેફટીના સાઘનો સાથે મજુરો પાસે કામગીરી લેવાની રહેશે અને કામગીરી દરમ્યાન અકસ્માત ન થાય તે અંગે પુરતી તકેદારી ઠેકેદારશ્રીએ લેવાની રહેશે તેમ છતાં કોઇ અકસ્માત થાય તો તે અંગેની સંપૂર્ણ જવાબદારી ઠેકેદારની પોતાની રહેશે. (ભાવો મંજુર થયા બાદ સબંધિત ઠેકેદારે રૂા.૩૦૦/-ના નોનજયુડીશ્યલ સ્ટેમ્પ પેપર ઉપર ટેન્ડરની બોલી અને શરતો નોટરી કરાવી રજુ કર્યા બાદ વર્કઓર્ડર આપવામાં આવશે. )** |
| ૧૯ | ડીસમેન્ટલની કામગીરી દરમ્યાન આસપાસની મિલ્કતને કોઇ નુકશાન ન થાય તેની તકેદારી ઠેકેદારે રાખવાની રહેશે અને જો કોઇ નુકશાન થાય તો નુકશાનની હાલની પ્રર્વતમાન કિંમત ઠેકેદાર પાસેથી વસુલ કરવામાં આવશે. |
| ૨૦ | ડીસમેન્ટલ કરવાની સમગ્ર કામગીરી તથા ત્યારબાદ કાટમાળ ઉપરોકત સમય મર્યાદામાં લઇ જવાની વ્યવસ્થા ઠેકેદારે પોતાના ખર્ચે કરવાની રહેશે. |
| ૨૧ | ડીસમેન્ટલ સામાન કચેરી સમય સવારે ૯.૦૦ થી સાંજે ૫.૧૦ કલાક દરમ્યાન જ લઇ જવાનો રહેશે તેમજ માલ હેરફેર માટે ઉપયોગમાં લેવાનાર વાહનોના ફેરાવાઇઝ ગેટપાસ કાર્યપાલક ઇજનેરની કચેરીમાંથી મેળવી, વાહન કાર્યપાલક ઇજનેરની કચેરીના કર્મચારી પાસે ચેક કરાવી વાહન યુનિવર્સિટી કેમ્પસ ગેટ બહાર લઇ જવાનો રહેશે. |
| ૨૨ | કામગીરી દરમ્યાન ઠેકેદારની કોઇ રજુઆત હશે તો તે બાબતે નિયુકત થયેલ કમિટીનો નિર્ણય આખરી અને ઠેકેદારને માન્ય રહેશે. |
| ૨૩ | ટેન્ડર મંજુર થયે વર્કઓર્ડર ઇસ્યુ કર્યા બાદ કુદરતી આપતિ કે હોનારતના કારણોસર ઉપરોકત મિલ્કતને કોઇ નુકશાન થશે તો તેની જવાબદારી અત્રેની યુનિવર્સિટીની રહેશે નહી. |
| ૨૪ | ટેન્ડર મંજુર થયે મુળ માલિકને જ બિલ્ડીંગ ડીસમેન્ટલ મટીરીયલ્સ અત્રેથી લઇ જવાની પરવાનગી આપવામાં આવશે. |
| ૨૫ | આ કામ બાબતે કોઇપણ પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે અંગેનું લીગલ જયુરીડીકશન **નવસારી જિલ્લો** રહેશે. |
| ૨૬ | **એજન્સીએ યુનિવર્સિટીની અધિકૃત વેબસાઇટ www.nau.in ઉપર મકાન વાઇઝ અપલોડ કરવામાં આવેલ ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરી તેમાં જ ભાવો ભરવાના રહેશે. (અન્ય ફોર્મમાં ભરેલ ભાવો માન્ય રાખવામાં આવશે નહી)** |
| ૨૭ | ટેન્ડર ભરનાર ઇસમે આ સાથે સામેલ રાખેલ પત્રકમાં જરૂરી માહિતી ભરી રજુ કરવાની રહેશે. |
| ૨૮ | **હરાજી રદ/મોકુફ/કેન્સલ/સ્થગિત થાય તો ટેન્ડર ફી ની રકમ રીફંડ મળશે નહી જેની ખાસ નોંધ લેવી.** |
| ૨૯ | • સદર કામ અંગેના આવેલા ભાવો **તા. ૦૬/૦૧/૨૦૨૬** ના રોજ **બપોરે ૨.૩૦ કલાકે** નિયુકત થયેલ કમિટી સમક્ષ ટેન્ડર ભરનારની હાજરીમાં **આચાર્યશ્રી, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, ન.કૃ.યુ. નવસારીના મીટીંગ હોલમાં ખોલવામાં આવશે.**<br>• **પ્રાઇઝ બીડ** ખોલવાના સમયે ટેન્ડર ભરનાર એજન્સી અથવા તેમના દ્વારા નિયુકત કરેલ પ્રતિનીધીએ ફરજીયાત હાજર રહેવાનું રહેશે. **(ટેન્ડર ખોલવા સમયે પ્રોપરાઇટરની ગેરહાજરીમાં પ્રતિનીધીની નિમણુંક અંગેની ઓથોરીટી સાથે હાજર રહેવાનું રહેશે.)**<br>• **ટેન્ડર ખોલવાની તારીખમાં સંજોગો વસાત કોઇ ફેરફાર કરવામાં આવશે તો તે અંગે આપે જણાવેલ મોબાઇલ નંબર ઉપર જાણ કરવામાં આવશે.** |
| 30 | **ટેન્ડર ફોર્મના કવર ઉપર કામનું નામ. (મોટા અક્ષરે) મુખ્ય કેમ્પસ ખાતે આવેલ કેમ્પસ ડાયરેકટર/જુનો વી.સી. બંગલાને તોડી નાંખવા અંગેના ભાવો તથા એજન્સીનું નામ, સંપર્ક નંબર, ઇમેઇલ આઇ.ડી. ફરજીયાત લખવાનું રહેશે.** |
| 31 | ટેન્ડર અંગે કોઇ મુશ્કેલી હોય તો અત્રેની કચેરીના સંપર્ક નંબર **૦૨૬૩૭-૨૯૯૦૭૮** ઉપર કોન્ટેક્ટ કરી શકાશે. |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

| | |
|---|---|
| ૩૨ | ઠેકેદારે કામગીરી શરૂ કરતા પહેલા જે તે બિલ્ડીંગની આજુબાજુમાં કોઇ ડ્રેનેજ લાઇન, ડ્રેનેજ ચેમ્બર, વિજળી કનેકશન, ઇન્ટરનેટ કનેકશન, ગેસ કનેકશન, પાણીની લાઇનો, ઉભાઝાડો તથા અન્ય મિલ્કતોનો સર્વે કરી તેને નુકશાન ન થાય તે મુજબ કામગીરી શરૂ કરવાની રહેશે અન્યથા થયેલ નુકશાનની હાલની પ્રર્વતમાન કિંમત મુજબ વસુલાત ઠેકેદારે ભરપાઇ રહેશે. |
| ૩૩ | **બિલ્ડીંગ ડીસમેન્ટલના ભાવો ફુટીંગ કાઢવા સહિતના ભરવાના રહેશે, બિલ્ડીંગ ડીસ્મેન્ટલની કામગીરી પૂર્ણ થયા બાદ જમીન લેવલીંગ ફરજીયાત કરવાની રહેશે અન્યથા ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.** |
| ૩૪ | **ટેકનીકલ બીડમાં માંગ્યા મુજબના દસ્તાવેજો રજુ કરેલ હશે તે એજન્સીના જ પ્રાઇઝ બીડ ઓપન કરવામાં આવશે જેની ખાસ નોંધ લેવી જેથી મેન્ડેટરી ડોકયુમેન્ટ ફરજીયાત રજુ કરવાના રહેશે.** |

**ઉપરોકત તમામ શરતો અને બોલીઓ મે વાંચી છે જે મને માન્ય, કબુલ અને બંધનકર્તા છે**

**તારીખ :**
**સ્થળ :**

**ભાવપત્રક ભરનાર એજન્સીના સહી/ સિકકા**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

# :: પ્રાઇઝ બીડ ::

# (અલગ સીલબંધ કવર બનાવી મોટા કવરમાં નાંખવું)

**કામનું નામ : મુખ્ય કેમ્પસ ખાતે આવેલ કેમ્પસ ડાયરેકટર/જુનો વી.સી. બંગલાને તોડી નાંખવા બાબત.**

| ક્રમ નં. | મિલ્કતનું વર્ણન | ઇજારદારની ઓફર રૂા. |
|---|---|---|
| ૧ | **મુખ્ય કેમ્પસ ખાતે આવેલ કેમ્પસ ડાયરેકટર/જુનો વી.સી. બંગલો**<br>૧૯૫ સ્કે. મી. (ગ્રાઉન્ડ ફ્લોર + ૧ માળ) | રકમ રૂા. :<br><br>અંકે રૂપિયા :______________________<br>______________________ |

| | | | |
|---|---|---|---|
| ૧ | ભાવો ભરનાર એજન્સીનું નામ | : | |
| ૨ | ભાવો ભરનાર એજન્સીનું પુરુ સરનામુ **આધાર સામેલ રાખવો.** | : | |
| ૩ | ભાવો ભરનાર એજન્સીનો પાન કાર્ડ નંબર **(ફરજીયાત)** | : | |
| ૪ | ભાવો ભરનાર એજન્સીનો જી.એસ.ટી. નંબર **(ફરજીયાત)** | : | |
| ૫ | ભાવો ભરનાર ઇસમનો આધાર કાર્ડ નંબર **(ફરજીયાત)** | : | |
| ૬ | મોબાઇલ નંબર | : | |

NAVSARI AGRICULTURAL UNIVERSITY

તારીખ : : **ભાવપત્રક ભરનાર એજન્સીના સહી / સિકકા**

સ્થળ :